દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬

આઝાદી વખતનું 88 રૂપિયાનું 10 ગ્રામ સોનું આજે 1.50 લાખની કિંમતનું છે

૧૯૪૭માં જ્યારે ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થઈને સ્વતંત્રતાનો નવો સૂર્યોદય જોઈ રહ્યું હતું, ત્યારે દેશમાં ૧૦ ગ્રામ સોનાની કિંમત માત્ર રૂ.૮૮.૬૨ હતી. એટલે કે, એ સમયે આખા એક કિલો સોનાનો ભાવ માત્ર રૂ.૮,૮૬૨ જેવો મામૂલી હતો. આજે આઝાદીના ૭૯ વર્ષ બાદ, ૨૦૨૬ના આ સમયગાળામાં એ જ ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ.૧.૫૨ લાખ અને ૧ કિલો સોનાનો ભાવ રૂ.૧.૫૨ કરોડના આંકડાને પણ વટાવી ગયો છે. આઝાદીથી લઈને આજ સુધીમાં સોનાના ભાવમાં નોંધાયેલો આશરે ૧,૭૧૮ ગણો જંગી ઉછાળો એ વાતની સાબિતી આપે છે કે સમય ગમે તેટલો બદલાય, સંપત્તિના સર્જન અને સુરક્ષામાં સોનાનું સ્થાન હંમેશાં અજોડ રહ્યું છે અને રહેશે.

આઝાદી પછીના પ્રારંભિક બે-ત્રણ દાયકાઓ દરમિયાન સોનાના ભાવમાં આજે જોવા મળે છે તેવી તીવ્ર અસ્થિરતા કે જંગી તેજી જોવા મળતી નહોતી. વર્ષ ૧૯૫૦માં ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ.૯૯.૧૮ હતો, જે ૧૯૫૫માં ઘટીને રૂ.૭૯.૧૮ સુધી નીચે આવી ગયો હતો. આ દાયકાના અંતમાં ભાવ ફરી સુધરીને રૂ.૧૦૨.૫૬ પર પહોંચ્યો હતો. ૧૯૭૦ના દાયકામાં વૈશ્વિક સ્તરે અનેક આર્થિક પરિવર્તનો આવ્યા. આ વર્ષે સોનાએ ઇતિહાસમાં પ્રથમ વખત રૂ.૫૦૦નો માનસિક આંકડો વટાવીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૫૦૬ નો ભાવ મેળવ્યો હતો. ૮૦ના દાયકાની શરૂઆતમાં સોનાએ પહેલીવાર રૂ.૧,૦૦૦નો આંકડો પાર કર્યો અને ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧,૩૩૦ પર પહોંચી ગયો. આ એ સમય હતો જ્યારે ભારતીય મધ્યમ વર્ગને ધીમે ધીમે સમજાયું કે સોનું માત્ર પહેરવા-ઓઢવા માટે નથી, પરંતુ ફુગાવા સામે રક્ષણ આપતું એક મજબૂત કવચ પણ છે. ખરો મોટો ઘમાકો ૨૧મી સદીના પ્રારંભ પછી જોવા મળ્યો.

૨૧મી સદીની શરૂઆતમાં સોનાના ભાવમાં ભારે વૃદ્ધિ જોવા મળી હતી. 2000ની સાલમાં સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ રૂ.૪,૪૦૦ હતો. જે 2007માં પ્રથમ વખત પાંચ આંકડાને વટાવીને રૂ.૧૦,૮૦૦ નોંધાયો હતો. 2011ની વૈશ્વિક મંદી પછી સુરક્ષિત રોકાણ તરફ પ્રવાહના કારણે 2020માં સોનાનો ભાવ રૂપિયા 48651 નોંધાયો હતો. ૨૦૨૦માં જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારી અને લોકડાઉનના સંકટ સામે ઝઝૂમી રહ્યું હતું, શેરબજારો ધરાશાયી થઈ રહ્યા હતા, ત્યારે સોનાએ રોકાણકારો માટે 'સુરક્ષિત આશ્રયસ્થાન' તરીકેનું સ્થાન પુનઃ સાબિત કર્યું હતું. 2022માં સોનાનો ભાવ રૂ. 52670 પર પહોંચ્યો અને 2025માં સોનાએ ઐતિહાસિક એક લાખની સપાટી વટાવી દીધી હતી. આજે ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ.૧,૫૨,૨૩૩ ના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. આજે ૧ કિલો સોનું ખરીદવા માટે રૂ.૧.૫૨ કરોડથી પણ વધુ રકમ ચૂકવવી પડે છે. જે સોનું આઝાદી સમયે સામાન્ય પરિવાર પણ કિલોના હિસાબે વિચારી શકતો હતો, તે આજે ગ્રામના હિસાબે ખરીદવું પણ વિચારવા જેવી બાબત બની ગઈ છે.

સોનાના ભાવમાં આટલી મોટી તેજી પાછળ માત્ર એક કારણ નથી, પરંતુ વૈશ્વિક અને સ્થાનિક સ્તરે અનેક આર્થિક પરિબળો જવાબદાર રહ્યા છે. સમય જતાં ભારતીય રૂપિયાના મૂલ્યમાં ડોલર સામે ઘટાડો થયો છે. ૧૯૪૭માં રૂપિયો અને ડોલર લગભગ સમકક્ષ હતા, જ્યારે આજે સ્થિતિ અલગ છે. ચલણનું મૂલ્ય ઘટતાં સોના જેવી ભૌતિક સંપત્તિનું મૂલ્ય ચલણના સંદર્ભમાં આપોઆપ વધી જાય છે. વૈશ્વિક યુદ્ધો, વેપાર વિગ્રહો અને આંતરરાષ્ટ્રીય રાજકીય અનિશ્ચિતતાઓના સમયે રોકાણકારો શેરબજાર જેવા જોખમી સાધનોમાંથી પૈસા પાછા ખેંચીને સોનામાં રોકાણ કરે છે. વિશ્વભરની મધ્યસ્થ બેંકો (જેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પણ શામિલ છે) પોતાના વિદેશી હૂંડિયામણ ભંડોળને સુરક્ષિત રાખવા માટે સતત ટનબંધ સોનાની ખરીદી કરી રહી છે. ભારતમાં લગ્નસરા, દિવાળી, ધનતેરસ અને અન્ય તહેવારોમાં સોનું ખરીદવું એ શુકનિયાળ માનવામાં આવે છે. આ સતત રહેતી માગ ભાવને નીચા આવવા દેતી નથી. સોનાના આ ભાવવધારાની બે મુખ્ય બાજુઓ છે. જે લોકોએ દાયકાઓ પહેલા કે અગાઉના વર્ષોમાં સોનામાં રોકાણ કર્યું હતું, તેમની સંપત્તિમાં મલ્ટિ-બેગર રિટર્ન મળ્યું છે. તે જમીન-મકાન કે અન્ય સંપત્તિઓની સરખામણીએ સૌથી સરળતાથી રોકડમાં રૂપાંતરિત થઈ શકતી સંપત્તિ સાબિત થઈ છે. જ્યારે બીજી તરફ મધ્યમ અને ગરીબ વર્ગ માટે લગ્નપ્રસંગોએ સોનું ખરીદવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. આજે લોકો પરંપરાગત દાગીનાને બદલે લાઇટવેઇટ જ્વેલરી, ડિજિટલ ગોલ્ડ કે ગોલ્ડ ETF તરફ વળી રહ્યા છે. આઝાદીના સમયે ૧ કિલો સોનાનો ભાવ રૂ.૧૦,૦૦૦ થી પણ ઓછો હતો, જ્યારે આજે તે રૂ.૧.૫૨ કરોડને પાર કરી ગયો છે. આ સફર દર્શાવે છે કે કાગળનું ચલણ ગમે તેટલું બદલાય, નોટબંધી આવે કે આર્થિક મહામંદીઓ આવે–સોનાની વાસ્તવિક ક્ષમતા અને તેનું ચમકતું મૂલ્ય ક્યારેય ઘટતું નથી.સોનું માત્ર એક ધાતુ નથી, પરંતુ ભારતીય અર્થતંત્ર અને સંસ્કૃતિનો ધબકારો છે. ૭૯ વર્ષની આ ઐતિહાસિક સફર એ વાતની સાક્ષી પૂરે છે કે ભવિષ્યમાં પણ ગમે તેવા આર્થિક વાવાઝોડા આવે, સંપત્તિના સર્જન અને રક્ષણમાં સોનાનું સ્થાન અજોડ અને અમર રહેશે. સોનાનો આ સૂરજ આગામી દાયકાઓમાં પણ આવી જ રીતે રોકાણકારોના પોર્ટફોલિયોને રોશન કરતો રહેશે તે નક્કી છે.

દારૂબંધી : ગુજરાત અને બિહાર ફાયદો - નુકસાન કેટલા?

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

દારૂબંધીને કારણે સરકારી તિજોરીને મોટું નુકસાન થયું છે અને ઉપરથી ગેરકાયદેસર દારૂના વેપારને રોકવા માટે સરકારને વધારાનો ખર્ચ કરવો પડે છે

ભારતનાં કેટલાંક રાજ્યોમાં દારૂબંધી છે અને એ કારણે રાજ્યની તિજોરીને નુકસાન થાય છે એવી વાતો વારેવારે કાને અથડાય છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચના એક અભ્યાસ મુજબ તો બિહારમાં દારૂબંધીના અમલીકરણ અને તેનાં પરિણામો પર સવાલો ઊઠ્યા છે.

આ અભ્યાસમાં સૂચવવામાં આવ્યું છે કે બિહાર સરકારે દારૂબંધીનો કાયદો ખતમ કરી દેવો જોઈએ. કારણ કે આ કાયદો જે હેતુઓ સાથે લાગુ કરવામાં આવ્યો હતો,તેમાં તે નિષ્ફળ રહ્યો છે.

અભ્યાસનાં તારણો મુજબ કાયદો લાગુ કરવાનો મુખ્ય હેતુ મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા ઘટાડવાનો હતો પણ દારૂબંધી બાદ પણ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ઘટાડો થયો નથી, પરંતુ તે કિસ્સાઓ વધ્યા છે.અહેવાલ મુજબ, દારૂબંધી પહેલાં આબકારી જકાત રાજ્યના કુલ રાજસ્વમાં ૧૪ ટકા હિસ્સો ધરાવતી હતી. દારૂબંધીને કારણે સરકારી તિજોરીને મોટું નુકસાન થયું છે અને ઉપરથી ગેરકાયદેસર દારૂના વેપારને રોકવા માટે સરકારને વધારાનો ખર્ચ કરવો પડે છે.

અભ્યાસનું તારણ છે કે જો ફરીથી દારૂ પર એક્સાઇઝ ડ્યુટી લાગુ કરવામાં આવે, તો રાજ્યના પોતાના રાજસ્વમાં ૧૪ થી ૧૫ ટકાનો વધારો થઈ શકે છે, જેનો ઉપયોગ શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય વિકાસ કાર્યોમાં થઈ શકે છે. હાલમાં ભારતમાં ૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં સંપૂર્ણ દારૂબંધી અમલમાં છે.

ગુજરાતમાં દારૂબંધી છે. બિહારમાં નીતીશકુમારે 2016થી દારૂબંધી લાદી અને એનો એમને રાજકીય ફાયદો થયો હતો. મહિલાઓના મત વધુ મળ્યા હતા.

બાકી જ્યાં દારૂબંધી છે એ નાનાં રાજ્યો છે

મહત્ત્વની વાત એ છે કે, દારૂબંધી હોવા છતાં ગુજરાત અને બિહારમાં આસાનીથી દારુ મળે છે. બિહારમાં દારૂબંધી લાગુ થઈ ત્યારે સરકારી આંકડાઓ અને CAG ના અહેવાલો મુજબ રાજ્યને દર વર્ષે અંદાજે ૩,૦૦૦ થી ૪,૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધુની સીધી ટેક્સ આવકનું નુકસાન થયું છે. ગુજરાતની વાત કરીએ તો અહીં દારૂબંધી લાંબા સમયથી હોવાથી આર્થિક વિશ્લેષકોના અંદાજ મુજબ રાજ્યને દર વર્ષે હજારો કરોડ રૂપિયા (અંદાજે ૧૦,૦૦૦ થી ૧૬,૦૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુ) ની આબકારી આવકનું નુકસાન થાય છે. જો કે ગુજરાત તેની મજબૂત ઔદ્યોગિક નીતિઓ અને અન્ય જીએસટી આવકથી આ ખાધને પૂરવા માટે સક્ષમ રહ્યું છે.

બીજો એક મુદ્દો એ છે કે, બિહાર અને ગુજરાત જેવાં રાજ્યોમાં કાગળ પર દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર તસ્કરી અને દારૂનું વેચાણ અટકાવવા માટે પોલીસ તંત્ર, મદ્ય નિષેધ વિભાગ અને સ્પેશિયલ સ્ક્વોડ પાછળ સરકારને દર વર્ષે મોટો વહીવટી ખર્ચ કરવો પડે છે.

સત્તાવાર આંકડા મુજબ ૨૦૨૫ દરમિયાન અંદાજે ૩૬ થી ૩૭ લાખ લીટર ગેરકાયદેસર દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની કિંમત અંદાજે ૨૯૩ કરોડ જેટલી થતી હતી. આ કેસોમાં આશરે ૧.૨૫ લાખ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તો જાન્યુઆરીથી મે ૨૦૨૬ (પ્રથમ પાંચ મહિના) દરમિયાન જ રાજ્યમાં ૧૭.૫૩ લાખ લીટર દારૂ (જેની કિંમત અંદાજે ૧૪૧ કરોડ છે) પકડાયો છે અને ૫૬,૯૦૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાતમાં પોલીસના અહેવાલો અનુસાર રાજ્યમાં કડક કાર્યવાહીના ભાગ રૂપે માત્ર એક જ વર્ષમાં) આશરે ૮૨ લાખ જેટલી વિદેશી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હોવાના આંકડા પોલીસ ચોપડે નોંધાયા છે.

દરમિયાન હવે જો બિહારમાં કોઈ દારૂની બ્રાન્ડ જપ્ત કરવામાં આવશે, તો તે દારૂ બનાવતી કંપની અને તેના માલિક વિરુદ્ધ પણ FIR દાખલ કરવામાં આવશે. તાજેતરમાં પટનામાં દારૂનો જથ્થો પકડાયો હતો, જેમાં જવાબદાર કંપની સામે FIR નોંધવામાં આવી છે.

દારુબંધી ના હોવી જોઈએ એવો અવાજ તો ગુજરાતમાં પણ વારેવારે ઊઠ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તો દારૂબંધી ઉઠાવી લેવી જોઈએ એવો સ્પષ્ટ મત ધરાવે છે. બીજી બાજુ રાજ્ય સરકારે દારૂબંધી હળવી પણ કરી છે. દારૂબંધી હોવાથી દૂષણ ઓછાં ફેલાય છે એવો વ્યાપક મત છે. આ મુદ્દે અભ્યાસ અને ચર્ચા થવી જોઈએ અથવા તો દારુબંધીનો કડક અમલ કરવો જરૂરી છે.

ભગવાન માન સરકારનો દાવ

પંજાબમાં ચૂંટણી પહેલાં પંજાબની રાજનીતિમાં શીખ કેદીઓની મુક્તિનો મામલો ગરમાયો છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંતસિંહ માન દ્વારા જગતારસિંહ હમારાના પેરોલની માંગને વેગ આપવામાં આવ્યો છે, તો બીજી બાજુ અકાલી દળ બલવંતસિંહ રાજોઆણાના સમર્થનમાં મેદાનમાં ઊતરી ચૂક્યું છે. આ બંને મુખ્ય પક્ષો ઉપરાંત, 'અમૃતપાલ સિંહ ફેક્ટર' પણ હવે ખૂબ જ ચર્ચામાં છે. આ તમામ બાબતો ચૂંટણી પહેલાં પંજાબના રાજકારણને એક નવા વળાંક તરફ લઈ જઈ રહી છે.

અગાઉ પંજાબમાં દશકો સુધી અકાલી દળને પંથક મુદ્દાઓના સ્વાભાવિક રાજકીય પ્રતિનિધિ તરીકે માનવામાં આવતા હતા. પરંતુ હવે આ સમીકરણ નબળું પડી ગયું છે. આના કારણે આમ આદમી પાર્ટી, નવા શીખ રાજકીય સમૂહો અને ધાર્મિક સંસ્થાઓ માટે એવા મુદ્દાઓ પર પોતાની દાવેદારી નોંધાવી રહી છે.

અમૃતપાલ સિંહ જૂથ પણ બંદી સિખોના મુદ્દા દ્વારા પોતાનો રાજકીય આધાર મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ ઉપરાંત, 'દમદમી ટકસાલ' પણ આખા રાજ્યમાં પોતાનું સંગઠનાત્મક માળખું ઊભું કરી રહી છે, જે ભવિષ્યમાં તેને મોટો રાજકીય પ્રભાવ આપી શકે છે.

રાજકીય ટસલમાં બંદી સિખોનો મુદ્દો એક મહત્ત્વપૂર્ણ પરિબળ બની ગયો છે. ગુરુ ગ્રંથસાહેબની બેઅદબીના મામલા, એસજીપીસી અને અકાલ તખ્તની કાર્યપ્રણાલી, શીખ કેદીઓની મુક્તિ, ધાર્મિક ઓળખ અને શીખ રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓ હવે અનેક રાજકીય ખેલાડીઓ માટે મહત્ત્વપૂર્ણ બની ગયા છે. દરેક પક્ષ આ મુદ્દાઓને પોતાના રાજકીય દૃષ્ટિકોણથી આગળ વધારી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ધીમે ધીમે મોહને ત્યાગો

એક ૭૨ વર્ષના દાદી, દાદા જોડે પ્રેમથી રહેતા હતા.બાળકો વિદેશમાં હતા અને દાદાના મૃત્યુ બાદ દાદી એકલા પડ્યા. બધાને થયું દાદી હવે શું કરશે?? બાળકોએ વિદેશ બોલાવ્યા પણ તેઓ થોડા દિવસ થઇ પાછા આવી ગયા કે મારા ઘરમાં અમારી ૬૨ વર્ષના લગ્નજીવનની યાદો છે, એક એક વસ્તુ અમે પ્રેમથી વસાવી છે.હું ત્યાં જ રહીશ.

દાદી દાદા વિનાના ઘરમાં એકલા રહેવા લાગ્યા થોડા દિવસ રોજ રોજ દાદાને યાદ કરી રડતા ...દુઃખી રહેતા... આજુબાજુ પડોશીઓ અને સ્વજનો તેમને દુઃખી જોઇને દુઃખી થતાં.

એક દિવસ દાદાની ડાયરી વાંચતા વાંચતા દાદી રડી રહ્યા હતા પણ તેમાં એક વાક્ય એવું લખ્યું હતું જે વાંચીને દાદી અટકી ગયા અને અચાનક દાદીમાં બદલાવ આવ્યો,

ડાયરીમાં દાદાએ લખ્યું હતું 'હું અને તું હંમેશા સાથે રહ્યા છીએ અને ખુશ રહ્યા છીએ અને જ્યારે જુદા પડીશું ત્યારે એકમેકની યાદોમાં બંધાઇને રડશું નહિ પણ ધીમે ધીમે મોહના બંધન છોડી જીવનમાં આગળ વધીશું અને બીજાને ખુશ કરી ખુશ રહીશું' દાદાની આ વાત વાંચી યાદ કરી દાદી હસતા શીખી ગયા, સરસ દાદાને ગમતા રંગના કપડા પહેરી તૈયાર થતા.પોતાના ૬૨ વર્ષના સંસારમાં વસાવેલી અનેક વસ્તુઓ તેમણે સગાવ્હાલા, સ્વજનો ,મિત્રો, પડોશીઓમાં વહેંચવાની શરુ કરી. જેને જે કામ લાગે તે પ્રેમથી લઇ જાઓ અને પ્રેમથી વાપરજો એમ તેઓ કહેતા.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ખપ પુરતું પોતાની પાસે રાખી, તેમણે બચત પૌત્ર અને પૌત્રીના નામે કરી દીધી અને દાગીના વહુઓ અને દીકરીઓને આપી દીધા.પુસ્તકો લાઇબ્રેરીમાં આપી દીધા.ઘરનું ફર્નિચર પણ સ્વજનમાં જેને કામ લાગે તેમ હતું તેમને આપી દીધું.પોતાની સાડીઓ પણ વહેંચી દીધી. ધીમે ધીમે તેઓ બધી વસ્તુઓનો મોહ છોડી રહ્યા હતા.પણ દાદાએ લખેલી ડાયરીઓ, દાદાએ તેમને યુવાનીમાં લખેલા પ્રેમપત્રો, અમુક ભેટ હજી તેમણે જાળવીને એક સોનેરી બટવામાં રાખી હતી.તેને તેઓ હંમેશા પોતાની પાસે જ રાખતા.

સોનેરી બટવો સાથે લઇને તેઓ તીર્થ યાત્રાએ જવા નીકળ્યા. તીર્થમાં જાણે દાદા સાથે હોય તેમ જ દર્શન કર્યા.ગંગા કિનારે આવી તેમને સોનેરી બટવાની દરેક વસ્તુ ધ્યાનથી વાંચી જાણે સદા માટે યાદ કરી લેવા માંગતા હોય અને પછી તેમને એક એક વસ્તુ ગંગા નદીમાં વહાવી દીધી.જાણે છેલ્લો મોહ ધીમે ધીમે છોડ્યો.

સમય આવ્યે ધીમે ધીમે દરેક મોહને છોડવામાં જીવનનું સાર્થક્ય છે.

ચૂંટણી પહેલાં યોગી અને રાજ્યપાલ વચ્ચે ટકરાવના સંકેત

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

રામ મંદિરમાં ભક્તોને દર્શન સરળતાથી મળી શકે છે, પરંતુ સરકારી ફાઈલ મંજૂર થવામાં વધુ સમય લાગે છે: આનંદીબહેન

2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી અને ત્યાર બાદ 2029ની લોકસભા ચૂંટણી પહેલાં બે દિગ્ગજોની ટક્કર જોવા મળી રહી છે. ભાજપના ઇતિહાસમાં છેલ્લા એક દાયકામાં નરેન્દ્ર મોદી-અમિત શાહની સર્વોચ્ચતા દરમિયાન આવો અસામાન્ય સંઘર્ષ ભાગ્યે જ જોવા મળ્યો છે. વિપક્ષ આ સ્થિતિને ખુશીથી જોઈ રહ્યો છે, કારણ કે હાલ તે આ ટક્કરથી બહાર છે. આ સંઘર્ષ ભગવા પક્ષનાં બે સત્તાકેન્દ્રો વચ્ચેનો છે. મોદી-શાહની કેન્દ્રીય દેખરેખ હેઠળ પક્ષનાં અન્ય સાથીઓ માટે ભાગ્યે જ કોઈ અવકાશ રહે છે, જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની શાસનની સ્વતંત્ર શૈલી છે અને તેઓ નવી દિલ્હીના ટોચના નેતાઓની દખલગીરી પસંદ કરતા નથી.

તાજેતરના સમયમાં આ બે દિગ્ગજોની ટક્કરનાં અનેક સ્વરૂપો સામે આવ્યાં છે. ભાજપની આંતરિક સર્વોપરિતાની લડાઈથી લઈને સંગઠનની આંતરિક વ્યવસ્થા પર નિયંત્રણ મેળવવા સુધી, તેમજ અન્ય ભાજપશાસિત રાજ્યોના હળવા રાજકીય વજન ધરાવતા અને રાજકારણમાં નવા નેતાઓની જેમ મુખ્યમંત્રી યોગી પર અંકુશ મેળવવાના કેન્દ્રના કથિત નિષ્ફળ પ્રયાસોના અહેવાલો સુધી.આ બધાની વચ્ચે રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ગઢ ગોરખપુરને પસંદ કરીને, જે તેમનું રાજકીય તેમજ આધ્યાત્મિક 'કર્મભૂમિ' છે, ત્યાં સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટેની નબળી સુવિધાઓ અને આવા અન્ય મુદ્દાઓના બહાને આડકતરી રીતે તેમના પર નિશાન સાધ્યું છે. આ ઘટનાએ ભાજપની અંદર ઉત્સુકતા પેદા કરી છે અને સૌ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે વિધાનસભા ચૂંટણી પહેલાં શું ચાલી રહ્યું છે. હવે રાજ્યપાલ દ્વારા કરવામાં આવેલા તાજેતરનાં પગલાં, જેમાં તેમણે બંધારણીય મર્યાદામાં રહીને કામ કરવાને બદલે જાણે વિપક્ષની ભૂમિકા સ્વીકારી હોય તેમ રાજ્ય સરકારની કામગીરી પર સવાલ ઉઠાવ્યા છે. તેના કારણે ચર્ચા શરૂ થઈ છે કે યોગીને તેમના સંભવિત સતત ત્રીજા કાર્યકાળ માટે મુખ્યમંત્રીના ચહેરા તરીકે રજૂ કરવામાં આવશે કે નહીં અથવા તેઓ પણ શ્રીમતી વસુંધરા રાજે અને શ્રી શિવરાજસિંહ ચૌહાણ જેવા ભાજપના વરિષ્ઠ નેતાઓની જેમ આગળ વધશે? બંનેને રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં શક્તિશાળી મુખ્યમંત્રી હોવા છતાં પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ રાજ્યોના આ ત્રણેય વરિષ્ઠ નેતાઓને જોડતી એક સામાન્ય બાબત એ છે કે ઘણાં લોકો તેમને સંભવિત વડા પ્રધાનપદના દાવેદાર માને છે અને આ બાબત જ શ્રીમતી રાજે અને શ્રી ચૌહાણ માટે નુકસાનકારક સાબિત થઈ હતી અને હવે એવું લાગે છે કે આ સ્થિતિ યોગી આદિત્યનાથ સુધી પણ પહોંચી રહી છે.

રાજ્યપાલ આનંદીબહેનના આકરા વલણનું મહત્ત્વ એ વાતમાં છે કે તેમણે ગોરખપુરની પસંદગી કરી, જે મુખ્યમંત્રી સાથે ગાઢ રીતે જોડાયેલું છે. દીનદયાળ ઉપાધ્યાય ગોરખપુર યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે તેમણે હોસ્ટેલની માળખાકીય સુવિધાઓ અને વિદ્યાર્થીઓ માટેની સુવિધાઓને લઈને યુનિવર્સિટી તથા સ્થાનિક વહીવટીતંત્રને ઠપકો આપ્યો. ગોરખપુર યોગી આદિત્યનાથની સત્તાનું કેન્દ્ર હોવા ઉપરાંત, તેમને આડકતરી રીતે નિશાન બનાવવા માટે તેની પસંદગીના અનેક અર્થ છે. આખરે, તેઓ મુખ્યમંત્રી બન્યાં તે પહેલાં ગોરખપુરથી સતત પાંચ ટર્મ સુધી સાંસદ રહ્યાં હતાં અને તેનાથી પણ મહત્ત્વનું એ છે કે ગોરખપુર ગોરખનાથ મઠનું ઘર છે, જેના યોગી શક્તિશાળી વડા છે.

શું શ્રીમતી આનંદીબહેને આ બધું પોતાની ઇચ્છાથી કર્યું અથવા પક્ષના હાઈકમાન્ડના આદેશથી? એ યાદ રાખવું જરૂરી છે કે તેઓ ગુજરાતના વરિષ્ઠ રાજકારણી અને એક મહત્ત્વપૂર્ણ મંત્રી રહી ચૂક્યાં છે. ગોરખપુરની ઘટના તેમનો એકમાત્ર આકરો પ્રહાર નહોતી, પરંતુ યોગીના ગઢમાં બનેલી હોવાથી તે વધુ મહત્ત્વપૂર્ણ બની છે.સામાન્ય રીતે મોદી-શાહની જોડી ક્યારેય ભાજપના નુકસાન માટે રાજકીય સંતુલન બગાડવાનું પસંદ નહીં કરે, કારણ કે 2029ની સામાન્ય ચૂંટણીમાં ભાજપની જીતનો માર્ગ ઉત્તર પ્રદેશમાંથી પસાર થાય છે. હાલ કેન્દ્ર સરકાર અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે. તેમાં અજાણી કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા ઉશ્કેરવામાં આવેલા Gen Zના વિરોધ પ્રદર્શનનો ગંભીર પડકાર અને નવી દિલ્હીના જંતરમંતર ખાતે પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહીના પરિણામે સંસદના ચોમાસુ સત્રના મોટા ભાગના કામકાજને અસર થવાનો મુદ્દો પણ સામેલ છે. 10 જુલાઈએ કાનપુરની ચંદ્રશેખર આઝાદ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેક્નોલોજીમાં તેમણે કૃષિ વ્યવસ્થા ખેડૂતો માટે કેવી રીતે કામ કરી રહી છે તેના પર સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ખેડૂતોને બિયારણના ઉત્પાદનના લક્ષ્યાંક આપવામાં આવે છે અને તે લક્ષ્યાંક પૂર્ણ કર્યા બાદ તેમને મોટી કંપનીઓ પાસેથી બિયારણ ખરીદવા માટે મજબૂર કરવામાં આવે છે.

એ જ રીતે લખનઉ યુનિવર્સિટીમાં તેમણે હોસ્ટેલના Wi-Fi, પીવાના પાણી, ભોજનની ગુણવત્તા અને જાળવણી અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમણે શૈક્ષણિક વિભાગોની આસપાસની સ્વચ્છતા અને ટાગોર લાઇબ્રેરી અંગે પણ નારાજગી વ્યક્ત કરી છે.

બાદ યુનિવર્સિટી વહીવટીતંત્રે આવી સુવિધાઓની દેખરેખ માટે વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરી અને વારાણસીની મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠમાં પણ તેમનું ધ્યાન ફરી હોસ્ટેલ, મેસ, ભોજન, Wi-Fi અને સ્વચ્છતા તરફ ગયું. જોતાં એવું લાગે કે રાજ્યપાલ આવી સંસ્થાઓની કામગીરીમાં હસ્તક્ષેપ કરે તેમાં કંઈ ખોટું નથી, કારણ કે રાજ્યની યુનિવર્સિટીઓ અને આવી અન્ય સંસ્થાઓના કુલાધિપતિ તરીકે પોતાની જવાબદારીઓ નિભાવવાનો તેમને અધિકાર છે. પરંતુ નજીક આવી રહેલી વિધાનસભા ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં સ્થળ, સમય અને સંભવિત હેતુ ચોક્કસપણે શંકા ઊભી કરે છે.જો કે, આ બાબતને વધુ રસપ્રદ બનાવે છે એ હકીકત છે કે રાજ્ય સરકારની કામગીરી અંગેની તેમની ટીકા હવે યુનિવર્સિટીઓની મર્યાદાથી આગળ વધી ગઈ છે. અયોધ્યાની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન તેમણે અમલદારશાહી કામગીરી પર પણ પ્રહાર કરવામાં સંકોચ કર્યો નહોતો. રામ મંદિરમાં ભક્તોને દર્શન સરળતાથી મળી શકે છે, પરંતુ સરકારી ફાઈલ મંજૂર થવામાં વધુ સમય લાગે છે, એવું તેમનું નિવેદન સૌને આશ્ચર્યમાં મૂકી ગયું હતું. તેનો સ્પષ્ટ સંકેત રાજ્યમાં પ્રવર્તતી અમલદારશાહીની લાલફિતાશાહી તરફ હતો. આ આડમાં નિશાન રાજ્યમાં સત્તાધારી પક્ષના રાજકીય નેતૃત્વ તરફ હોવાનું સ્પષ્ટ જણાતું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ઉર્દૂ શાયર શકીલ બદાયુની

બેડમિંગ્ટન,પતંગબાજી,પ્રવાસ અને શિકારના શોખીન,શ્રેષ્ઠ ગીતકારના ત્રણ ફિલ્મફેર એવોર્ડ જીતનાર,ઉર્દૂ શાયર,હિંદી ફિલ્મોના ગીતકાર શકીલ બદાયુનીનો જન્મ 3/8/1916ને દિવસે થયો હતો.પુત્રના સારા ભવિષ્ય માટે પિતાએ હિંદી,ઉર્દૂ,અરેબિક અને પર્શિયન ભાષા શીખવવા માટે ઘરે શિક્ષકો રાખ્યા પણ શકીલભાઈનો કાવ્યો અને શાયરી તરફ વધારે ઝોક હતો.પ્રાથમિક શિક્ષણ પછી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી બી.એ. કરી નોકરી માટે દિલ્હી ગયા હતા.ત્યાં મુશાયરાઓમાં ભાગ લઈ ઇનામ અને વાહવાહી મેળવી.એમના સમકાલીન શાયરો હતાશાના,ગમગીનીના અને સમાજ નવરચનાની કૃતિઓ રચતા ત્યારે શકીલભાઈ હૃદયસ્પર્શી પ્રણયકાવ્યો રચતા.અલીગઢમાં અને દિલ્હીના રોકાણ દરમ્યાન તેઓ ઉર્દૂ કાવ્યોનો અભ્યાસ કરતા.1944માં તેઓ મુંબઈમાં નિર્માતા કારદાર અને સંગીતકાર નૌશાદને મળ્યા અને પહેલી ફિલ્મ 'દર્દ 'નાં સુપરહીટ ગીતો આપ્યાં. પોતાના સમયના તમામ લોકપ્રિય સંગીતકારો નૌશાદ,રવિ.ગુલામ મોહમદ,હેમંતકુમાર,સચીન દેવ બર્મન,સી રામચંદ્ર સાથે કામ કરી આજે પણ લોકમુખે રમે એવી રચનાઓ તેમણે આપી.ચૌદહવી કા ચાંદ હો,હુસ્નવાલે તેરા જવાબ નહીં,કહીં દીપ જલે જેવાં મશહૂર ગીતો આપનાર શકીલ બદાયુની 20/4/1970ના રોજ 54 વર્ષની ઉંમરે અવસાન પામ્યા હતા.

સુરત - સુરેન્દ્ર દલાલ

માનવતાની કસોટી

સુરતની મેડિકલ કોલેજમાં રેગિંગ અને માનસિક ત્રાસના આક્ષેપો વચ્ચે થયેલી કરુણ ઘટના સમગ્ર તબીબી શિક્ષણવ્યવસ્થા માટે ચિંતાજનક છે. તબીબી ક્ષેત્રમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ પાસેથી આપણે સંવેદનશીલતા, સહાનુભૂતિ અને માનવતાની અપેક્ષા રાખીએ છીએ; પરંતુ જો શિક્ષણના